પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૦૩ | ૩ ઓક્ટોબર, ૨૦૨૧, રવિવાર; ભાદરવા વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કૃષિ કાયદાનો વિરોધ રાજકીય છેતરપિંડી છે : મોદી

**ચૂંટણી સમયે આપેલા વચનો પક્ષો ન પાળતા હોવાનો મોદીનો આક્ષેપ : ખેડૂતોના હિતમાં કરવામાં આવેલા સુધારાનો વિરોધ કરનારા લોકો તરફ જોશો તો બૌદ્ધિક બેઈમાની અને રાજકીય છેતરપિંડીનો અસલી ચહેરો દેખાશે**

નવી દિલ્હી, તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત વર્ષે લાગુ કરવામાં આવેલા કૃષિ નિયમોના વિરોધને રાજકીય છેતરપિંડી જણાવ્યો છે. વડાપ્રધાને ઓપન મેગેઝીનને આપેલા એક ઈન્ટર્વ્યુમાં કહ્યું – અનેક રાજકીય પાર્ટી એવી છે જે ચૂંટણી પહેલા મોટા મોટા વચન આપે છે, અને મેનિફેસ્ટોમાં પણ તેનો સમાવેશ કરે છે. પરંતુ જયારે વચન પાળવાનો સમય આવે છે તે ત્યારે યુ-ટર્ન લઈ લે છે અને પોતાના જ દ્વારા કરવામાં આવેલા વચનો પર ખોટી વાતો ફેલાવે છે. જો તમે ખેડૂતોના હિતમાં કરવામાં આવેલા સુધારાનો વિરોધ કરનારા લોકો તરફ જોશો તો તમને બૌદ્ધિક બેઈમાની અને રાજકીય છેતરપિંડીનો અસલી ચહેરો દેખાશે. વડાપ્રધાને કહ્યું કે, આ એ જ લોકો છે જેમણે મુખ્યમંત્રીઓને પત્ર લખીને એ કરવાની અપીલ કરી હતી જે અમારી સરકારે કર્યું છે. આ તે જ લોકો છે જેમણે પોતાના મેનિફેસ્ટોમાં લખ્યું છે કે તે સુધાર લાવશે, જે અમે લાવ્યા છીએ. પરંતુ અમે અલગ રાજકીય




પક્ષ છીએ એટલે તેમણે યુ-ટર્ન લઈ લીધો છે અને બૌદ્ધિક બેઈમાનીનું પ્રદર્શન કરી રહ્યા છે. ખેડૂતોના હિતમાં શું છે તે વાતની સંપૂર્ણપણે અવગણના કરવામાં આવી છે, માત્ર રાજકીય રીતે ફાયદો કઈ રીતે થશે તેનો જ વિચાર કરવામાં આવી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, આ જ પ્રકારની રાજકીય છેતરપિંડી આધાર, જીએસટી, કૃષિ નિયમો અને સૈન્ય દળો માટેના હથિયારો જેવી ગંભીર

● અનુસંધાન પાન-૭ પર

# ભારતનો ૨૦ લાખ ટન કોલસો ચીનના બંદરો પર છે

**ચીન ભારત માટે પણ વીજ સંકટ ઊભું કરી શકે છે : ભારત ઓસ્ટ્રેલિયાથી કોલસો આયાત કરે છે અને ચીનના બંદરો પર ભારતનો ઓસ્ટ્રેલિયન કોલસો પડી રહ્યો છે**



બેઈજિંગ, તા.૨

વીજ સંકટ સામે ઝઝૂમી રહેલુ ચીન ભારત માટે પણ વીજ સંકટ ઉભુ કરી શકે છે. ભારતમાં વીજળી પેદા કરતા થર્મલ પ્લાનટ્સને કોલસાની અછતનો સામનો કરવો પડી રહ્યો છે. જેના પગલે ઘણા પાવર પ્લાન્ટમાં ઉત્પાદન ઠપ થઈ શકે છે.

ભારત ઓસ્ટ્રેલિયાથી કોલસો આયાત કરે છે અને ચીનના બંદરો પર ભારતનો ૨૦ લાખ ટન ઓસ્ટ્રેલિયન કોલસો મહિનાથી પડી રહ્યો છે. જે લોકોએ આ કોલસો ઓસ્ટ્રેલિયા પાસેથી ખરીદયો છે તેમણે આ પ્રકારની જાણકારી આપી છે.

ભારત ઓસ્ટ્રેલિયા પાસેથી ૧૨ થી ૧૫ ડોલર પ્રતિ ટનના હિસાબે કોલસો ખરીદી રહ્યુ છે. જે દુનિયામાં બહેતરીન ક્વોલિટીનો સૌથી સસ્તો કોલસો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ‘લોજપા’નું ચૂંટણી ચિહ્ન ચૂંટણી પંચે જપ્ત કર્યું

**પાસવાન કે ચિરાગના બે જૂથોને એલજેપીના પ્રતીકનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં**

નવી દિલ્હી, તા.૨

ચિરાગ પાસવાન અને પશુપતિ કુમાર પારસ વચ્ચે લોક જનશક્તિ પાર્ટીના કબજાને લઈને ચાલી રહેલી ઝઘડા વચ્ચે ચૂંટણી પંચે પાર્ટી પર મોટી પ્રક્રિયા કરી છે. ચૂંટણી પંચે લોક જનશક્તિ પાર્ટીનું ચૂંટણી ચિહ્ન જપ્ત કર્યું છે.

ચૂંટણી પંચનું કહેવું છે કે પાસવાન કે ચિરાગના બે જૂથોને એલજેપીના પ્રતીકનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. વચગાળાના પગલા તરીકે, પંચે બંનેને તેમના જૂથનું નામ અને પ્રતીક પસંદ કરવાનું કહ્યું છે, જે ઉમેદવારોને પછીથી ફાળવી શકાય છે.




રામવિલાસ પાસવાનના નિધન બાદ પાર્ટીમાં આંતરિક વિખવાદ શરૂ થયો હતો. ૧૬ જૂને ચિરાગ પાસવાનની ગેરહાજરીમાં પાંચ સાંસદોસંસદીય બોર્ડની બેઠક બોલાવવામાં આવી અને હાજીપુરના સાંસદ પશુપતિ પારસને સંસદીય બોર્ડના નવા પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા. લોકસભા સ્પીકરને પણ માહિતી આપવામાં આવી હતી. બીજા દિવસે લોકસભા સચિવાલયમાંથી માન્યતા પણ મળી.

એલજેપી પાસે ૧૭ મી લોકસભામાં કુલ ૭ સાંસદો છે, જેમાં પાંચ સાંસદો પશુપતિ કુમાર પારસ, ચૌધરી મહેબૂબ અલી કૈસર, વીણા દેવી, ચંદન સિંહ અને પ્રિન્સ રાજનો સમાવેશ થાય છે.

## અભિનેત્રી મનિષા યાદવનું બ્રેન હેમરેજથી અવસાન

મુંબઈ, તા.૨

બ્રેન હેમરેજ થતાં એક્ટ્રેસ મનિષા યાદવે શુક્રવારે અંતિમ શ્વાસ લીધા હતા. સાવ નાની ઉંમરે તેનું આમ અચાનક ચાલ્યા જવું તે પરિવાર તેમજ મિત્રો માટે આંચકાસમાન છે. મનિષા યાદવ ટીવી શો જોધા અકબરમાં પોતે ભજવેલા પાત્ર માટે જાણીતી હતી. એક્ટ્રેસ પરિધિ શર્મા કે જે તેણે જોધા અકબરમા મુખ્ય ભૂમિકા ભજવી હતી તેણે ઈન્સ્ટાગ્રામ પર દિવંગત એક્ટ્રેસની તસવીર શેર કરીને શોક વ્યક્ત કર્યો હતો. પરિધિ શર્માનો સંપર્ક કર્યો તો તેણે જણાવ્યું કે શો ઓફ-એર થયા બાદ હું સતત તેના સંપર્કમાં નહોતી.

# કોરોનાને ખતમ કરવા ભારતમાં ૨૦ દવાના ટ્રાયલ ચાલી રહ્યા છે

**કોરોનાના ખાતમા માટે ભારતના ભરપૂર પ્રયાસ : કેટલીક દવાઓને આગામી દિવસોમાં માર્કેટમાં મુકવા માટે કેન્દ્ર સરકાર મંજૂરી આપે તેવી શક્યતા**

નવી દિલ્હી, તા.૨

ભારતમાં કોરોનાની બીજી લહેરનુ જોર હાલમાં તો ઓછુ છે અને બીજી તરફ પૂરજોશમાં કોરોનાની રસી આપવાનુ કામ પણ ચાલી રહ્યુ છે અને તેની અસર દેખાઈ છે.

અન્ય એક મોરચે પણ કોરોના સામે લડવા કામ ચાલી રહ્યુ છે. ભારતમાં હાલમાં કોરોનાનો ખાત્મો બોલાવી શકે તેવી ૨૦ દવાઓની ટ્રાયલ ચાલી રહી છે. જેમાંથી કેટલીક દવાઓને આગામી દિવસોમાં માર્કેટમાં મુકવા માટે સરકાર મંજૂરી આપે તેવી શક્યતા છે. હાલમાં તો કોરોના સંક્રમણને જોતા દવાઓની જરૂર ઓછી પડશે પણ જાણકારોનુ માનવુ છે કે ,જો આગામી દિવસોમાં કોરોનાની નવી લહેર આવી તો તેને રોકવા માટે આ દવાઓ ઉપયોગી પૂરવાર થશે અને ખાસ કરીને જેમની ઈમ્યુનિટી ઓછી છે તેવા લોકો માટે આ દવાઓ મદદગાર પૂરવાર થશે.

એક્સપર્ટસનુ એણ પણ કહેવુ છે કે, કેટલાક લોકોમાં વેક્સીન લીધા પછી પણ એન્ટિબોડી પેદા થતી નથી અથવા તેનુ પ્રમાણ ઓછુ રહે છે અથવા કેટલાક લોકો સ્વાસ્થ્યના કારણે વેક્સીન લઈ શકે તેમ હોતા નથી. આ સંજોગોમાં કોરોના સામેની દવાઓ અસરકારક પૂરવાર થશે.

હાલમાં ભારતની વિવિધ દવા કંપનીઓ અલગ અલગ પ્રકારની દવાની ટ્રાયલ લઈ રહી છે. જેમાં નઝલ સ્પ્રેનો પણ સમાવેશ થાય છે.




# આવનારા પાંચ દાયકામાં ચીનની વસ્તી અડધી થઈ જશે

**એક સ્ટડીમાં દાવો કરાયો : ચીનમાં દરેક મહિલા સરેરાશ ૧.૩ બાળકોને જન્મ આપે છે**



બેઈજિંગ,તા.૨

સુપરપાવર બનવાનો પ્રયાસ કરી રહેલા ચીન માટે એક ઝટકા સમાન રિપોર્ટ સામે આવ્યો છે. રિપોર્ટ મુજબ, ચીનની વસ્તી આગામી ૪૫ વર્ષમાં અડધી થઈ શકે છે. નવા સેન્સસ ડેટામાં જાણવા મળ્યું છે કે, દેશમાં જન્મ દર ૧.૩ પર પહોંચી ગયો છે, જે આશાથી ઓછો છે. તેનો અર્થ છે કે, દરેક મહિલા સરેરાશ માત્ર ૧.૩ બાળકોને જ જન્મ આપે છે, જે સ્થિર વસ્તી માટે જરૂરી ૨થી ઓછો છે. જો આ ટ્રેન્ડ ચાલુ રહે છે તો હાલની ૧.૪ અબજની વસ્તી વર્ષ ૨૦૫૫ના અંત સુધીમાં અડધી થઈ શકે છે. ચીનને પોતાની નીતિઓનું નુકસાન ઉઠાવવું પડી શકે છે. દાયકા સુધી તેણે વસ્તી પર નિયંત્રણ કરવાનો પ્રયાસ કર્યો અને હવે તેને બદલવાની કવાયત કરી રહ્યું છે. ચીને ૧૯૭૯માં એક બાળકની નીતિ બનાવી હતી અને જ્યારે તેના ઊંધા પરિણામ દેખાવા લાગ્યા તો ૨૦૧૩માં બીજા બાળકની મંજૂરી આપવામાં આવી. શિયાન જિયાઓટોન્ગ યુનિવર્સિટીમાં કરાયેલા રિસર્ચ મુજબ જન્મ દર ઘટવાનું ભયાનક પરિણામ આવી શકે છે. વર્ષ ૨૦૧૯માં સંયુક્ત રાષ્ટ્રએ ચીનની ઘટતી વસ્તી પર ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, ૨૦૬૫ સુધી ૧૦ કરોડ વસ્તી ઓછી થઈ શકે છે, પરંતુ પ્રોફેસર જિયાન્ગ કુઆનબાઓનું માનવું છે કે, ૨૦૫૫ સુધીમાં જ ૭૦ કરોડ લોકો ઓછા થઈ જાય તેવી શક્યતા છે. જો જન્મ દર અને ઓછો થયો તો વધુ ગંભીર સ્થિતિ ઊભી થઈ શકે છે.

# ગુમ જવાનોને કાશ્મીરની હાઈ એલ્ટીટ્યૂડ એક્સપર્ટ ટીમ શોધશે

**માઉન્ટ ત્રિશુલમાં હિમસ્ખલન, જવાનો ગુમ થયા હતા**

દહેરાદૂન, તા.૨

કાશ્મીરની હાઈ એલ્ટીટ્યુડ એક્સપર્ટ ટીમ હવે માઉન્ટ ત્રિશુલ વિસ્તારમાં હિમસ્ખલનને કારણે ગુમ થયેલા નૌકાદળના જવાનોની શોધ કરશે. ટીમને બોલાવી લેવાઈ છે. નહેરુ માઉન્ટેનિયરિંગ ઈન્સ્ટિટ્યૂટમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર, રાહત અને બચાવ ટીમ દ્વારા શનિવારે સવારે હિમસ્ખલન સ્થળનો હવાઈ સર્વે કરવામાં આવ્યો હતો. આ દરમિયાન જોવામાં આવ્યું કે ઘટના સ્થળ ખૂબ ઊંચાઈ પર સ્થિત છે. એટલા માટે કાશ્મીરની હાઈ એલ્ટીટ્યુડ એક્સપર્ટ ટીમને બોલાવવામાં આવી છે.

માઉન્ટ ત્રિશુલ વિસ્તારમાં હિમપ્રપાત થયા બાદ ગુમ થયેલા વાયુસેનાના પર્વતારોહકોની ટીમની શોધમાં સેનાએ શનિવારે સવારથી રાહત-બચાવ કામગીરી શરૂ કરી છે. શુક્રવારે જોશીમઠમાં ખરાબ હવામાનને કારણે રાહત અને બચાવ ટીમ આગળ વધી શકી નથી.

શુક્રવારે આ ઘટનાની જાણ થયા બાદ નહેરુ માઉન્ટેનિયરિંગ ઈન્સ્ટિટ્યૂટ (એનઆઈએમ) ની ત્રણ સભ્યોની ટીમ શોધમાં ઉત્તરકાશીથી રવાના થઈ હતી.

**દાનની નમ્ર અપીલ**

અંધજનોને ચા-નાસ્તો, ભોજન કરાવવા, અનાજ કરિયાણું દાનમાં આપવા સંસ્થાની વેબસાઈટ પર જઈને દાન કરો અને રસીદ મેળવો.

*દાતાઓને ઈન્કમટેક્ષમાં રાહત મળશે*

www.navjyotandhjanmandal.org

નવજ્યોત અંધજન મંડળ | ખોડિયાર માતાના મંદિર પાસે, પાલડી ગામ,અમદાવાદ-380007 મો. 97268 84422

**3 BHK ફ્લેટ વેચવાનો છે**

પહેલો માળ (લિફ્ટ સાથે) ૧૬૫ વાર, ફુલ ફર્નિચર અને POP સાથે, ગાર્ડન ફેસીંગ, હોટલ લીલા નજીક, ક-રોડ, ન્યુ વાવોલ, ગાંધીનગર.

મો. નં. ૯૭૭૩૨૬૪૦૬૦

**મારૂતિ સોફા**

વોશીંગ & રીનોવેશન

સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ

ફ્રી હોમ સર્વિસ | ગેરન્ટી સાથે

9924244216, 9924244276

મોકાસણવાળા